# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

ભારત સરકાર તથા રાજય સરકારની વિવિધ જનહિત લક્ષી યોજનાઓના લાભથી એક પણ વ્યક્તિ વંચિત ન રહે તે માટે ભારત સરકાર ધ્વારા જનમાનસ સુધી પ્રજા કલ્યાણકારી યોજનાનો વ્યાપ તમામ નાગરિકો સુધી પહોંચાડવા અને જાગૃતિ ફેલાવવા વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આજરોજ ભાઠેના કોમ્યુનીટી હોલ ગ્રાઉન્ડ એલ એન પાર્કની સામે ભાઠેના,ડુંભાલ ખાતે આયોજન કરવામાં આવેલ છે.જેનો માન.સંસદસભ્ય શ્રી સી.આર.પાટીલના વરદહસ્તે શુભારંભ કરવામાં આવેલ.

સદર કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત મહાનુભવોનું કંકુ તિલક કરી સ્વાગત કરવામાં આવેલ તથા વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવો ધ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું પૂજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.મ્યુ.સદસ્ય શ્રી વિજયકુમાર ચૌમાલે જણાવ્યું કે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સંપૂર્ણ નિષ્ઠા અને સંવેદનશીલતા સાથે કામ કરી રહ્યા છે. ઉતરાખંડમાં ટનલમાં ફસાયેલા મજરો સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. વધુમાં તેઓએ સરકારશ્રીની વિવિધ યોજનાનો લોકોને લાભ મેળવવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનજન સુધી સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડવા આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરેલ છે.આ કાર્યક્રમના સ્થળે વિવિધ યોજનાઓનો કેમ્પ મૂકવામાં આવેલ છે.જરૂરિયાત મુજબ પાત્રતા ધરાવનાર વ્યક્તિઓ લાભ મેળવી શકે છો.તેમજ અહીં મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે.જેમાં મેડિકલ ચેક-અપ અવશ્ય કરાવવા તેમણે સૂચવ્યું હતું.વધુમાં તેમણે સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે સંક્ષિપ્ત માહિતી આપી અને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દર રવિવારે ૧ કલાક શ્રમદાન આપી સાફ સફાઈ કરી સુરત શહેરને આગામી સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ક્રમ અપાવવા સહયોગ આપવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી તેઓએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે, આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ દેશના તમામ શહેરો તથા ગામડાઓમાં સફર કરી રહી છે. આ આ રથને દેશવાસીઓએ મોદીની ગેરંટીની ગાડીનું હુલામણું ઉપનામ આપ્યું છે. વિકાસનું મહત્વ લોકો સમજી રહ્યા છે. અને વિકાસ પ્રતિ લોકોને વિશ્વાસ છે. આ કાર્યક્રમને જન આંદોલનનું રૂપ આપી યુવાઓ અને સમાજના દરેક વર્ગ આ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં જોડાય રહ્યા છે અને આ રથ તેઓના ગામડે કે શહેરમાં આવવા પહેલા ૨ દિવસ સુધી સફાઇ અભિયાન ચલાવી સાફ-સફાઇની કામગીરી કરવામાં આવે છે. સદર તમામ બાબતો યુવાનો નમો એપ

પર અપલોડ કરે છે અને સોશિયલ મિડીયા પર તેનો પ્રચાર-પ્રસાર કરે છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના મુખ્ય ચાર અમૃત સ્તંભ છે. (૧) નારી શકિત (૨) યુવા શકિત (૩) ખેડૂત ભાઇ-બહેન (૪) ગરીબ પરિવાર છે અને એમના ઉત્થાનથી ભારત વિકસિત દેશ બનશે. જેમાં મહિલાઓને સશકત બનાવવી, યુવાઓને રોજગારનો અવસર આપવો, ખેડૂતોની આવક અને સામર્થ્ય વધારવું, તમામ ગરીબ વર્ગને સસ્તી દવા મળી રહે વગેરેનો સમાવેશ થાય છે. દેશની ગ્રામિણ બહેનોને ડ્રોન દીદી બનાવવા તેમજ તેમને સશકત કરવા નમો ડ્રોન દીદી કાર્યક્રમ લોન્ચ કરવામાં આવેલ છે. જેમાં ૧૫૦૦૦ બહેનોને જોડવામા આવશે. વધુમાં ૨ કરોડ દીદીને લખપતિ બનાવવાનું મારું સ્વપન છે. આજરોજ ૧૦,૦૦૦માં જન ઔષધી કેન્દ્રનું શુભારંભ કરવામાં આવેલ છે. જન ઔષધી કેન્દ્રથી લોકોને સસ્તી દવાઓ ઉપલબ્ધ થશે.આ જન ઔષધી કેન્દ્ર લોકો મોદી કી દવાઇ કી દુકાનથી ઓળખતા થયા છે. ગરીબ કલ્યાણ અન્ન યોજના કોરોનામાં શરૂ કરવામાં આવી હતી. જે યોજના અતંર્ગત આગામી ૫ વર્ષ સુધી મફત રાશન પાત્રતા ધરાવનાર નાગરિકોને આપવાનું ચાલું રાખવામાં આવશે. મોદીની ગેરંટી એટલે ગેરંટી પૂરી થવાની પણ ગેરંટી. વધુમાં તેમણે વિવિધ રાજયોના લાભાર્થી સાથે સંવાદ કર્યો અને ગામમાં પાંચ ટુકડી બનાવી અને અન્ય પાંચ ગામમાં આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં જોડાવવા અને સરકારની યોજનાઓની માહિતી આપવા અને દેશને વિકસિત દેશ બનાવવા સંકલ્પ કરવા સુચવ્યું હતું.

આ કાર્યક્રમ પ્રસંગે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો આઝાદીના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારત બનાવવાનો સંદેશ, સરકારશ્રીની વિવિધ યોજનાઓ તથા સંકલ્પ સંદર્ભેની ડોકયુમેન્ટ્રી પ્રસ્તૃત કરવામાં આવેલ. વધુમાં ઉપસ્થિત તમામ મહાનુભવો અને જાહેરજનતા ધ્વારા ભારત દેશને વિકસિત બનાવવા અને દેશના શ્રેષ્ઠ નાગરિક બનવા માટે શપથ ગ્રહણ કરવામાં આવેલ.

આજરોજ સાંજે ૦૪:૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના લીંબાયત ઝોનમાં ટી.પી.33 ફા.પ્લોટ નં.૧૮/એ પૈકી નગર પ્રાથમિક શાળા ક્રમાંક ૨૨૯,૨૩૦,ડુંભાલ. ખાતે માન. વિવિધ સમિતિ અધ્યક્ષશ્રી અને માન.સ્થાનિક મ્યુ.સદસ્યશ્રીના વરદ્હસ્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ.

આ કાર્યકમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.અધ્યક્ષ, સ્લમ ઇમ્પ્રુવમેન્ટ સમિતિ શ્રી વિજયકુમાર પી. ચૌમાલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી ભારતના વિકાસ માટેના કાર્યો માટે પ્રેરણા મળે છે. માન. વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિ એક ઊર્જાનું કામ કરે છે. ઔધોગિક, શૈક્ષણિક, આરોગ્ય જેવા વિવિધ ક્ષેત્રે ભારત આગળ વધી રહયું છે. કોરોના જેવી મહામારીમાં વિશ્વના ઘણા દેશોમાં વેકશીન પહોંચાડી વિશ્વમાં ભારત દેશે પોતાનું નામ રોશન કર્યું છે.

આ કાર્યક્રમ પ્રસંગે ડે.મેયરશ્રી ડો. નરેન્દ્રભાઇ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે, વિવિધ યોજનાઓની માહિતી આપી અને હકદારને તેમનો હકક મળી રહે તે માટે આ યોજનાનો લાભ લેવા અપસલ કરી.

આ કાર્યક્રમના સ્થળે પીએમ સ્વનિધી યોજના, પીએમ વિશ્વકર્મા યોજના, પીએમ ઉજજવલા યોજના, પીએમ મુદ્રાલોન યોજના, સ્ટાર્ટ અપ ઇન્ડીયા, સ્ટેન્ડઅપ ઇન્ડીયા, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી

જન આરોગ્ય યોજના, પીએમ આવાસ યોજના, સ્વચ્છ ભારત અભિયાન (અર્બન), અટલ મિશન ફોર રેજુવેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત), પીએમ ભારતીય જનઔષધી પરિયોજના, ઉજાલા/ સૌભાગ્ય યોજના, ડીજીટલ પેમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર, ખેલો ઇન્ડીયા, આરસીએસઃ ઉડાન, વંદે ભારત ટ્રેન અને અમૃત ભારત સ્ટેશન યોજનાની પ્રચાર/પ્રસાર માટે સ્ટોલ રાખવામાં આવેલ છે જેનો પાત્રતા ધરાવનાર શહેરીજનોને વધુમાં વધુ લાભ લેવા અનુરોધ છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન.સંસદસભ્ય સી.આર.પાટીલ, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્રભાઇ પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, માન. શાસકપક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, માન. દંડક શ્રી ધર્મેશ વાણિયાવાળા, માન. વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ,લાભાર્થીઓ પત્રકાર મિત્રો તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૪૦૦ તા.૩૦/૧૧/૨૦૨૩